# પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર

# જાહેરનામુ

# ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧

ક્રમાંક: ક.૨/હદ વિસ્તાર/વાસણા/૪૨૩/૨૦૧૭.

તારીખ : ૦૫/૦૫/૨૦૧૭.

સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૦૪/૦૮/૨૦૧૬ થી વેજલપુર પોલીસ સ્ટેશનનું વિભાજન કરી નવું **વાસણા પોલીસ સ્ટેશન** ખોલવાનો ઠરાવ થતા સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૨ થી મળેલ સત્તાની રૂએ હું શ્રી એ.કે.સિંઘ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર આથી વેજલપુર પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમાં ફેરફાર કરી નીચે જણાવ્યા મુજબ વેજલપુર પોલીસ સ્ટેશન અને વાસણા પોલીસ સ્ટેશનનો હદ વિસ્તાર તા:૦૫/૦૫/૨૦૧૭ ના કલાક: ૦૦.૦૦ થી અસ્તિત્વમાં આવે તે રીતે હુકમ કરુ છું.

**સુચિત નવા વાસણા પોલીસ સ્ટેશનમાં નીચે જણાવેલ વિસ્તારનો સમાવેશ કરવામાં આવશે.**

(૧) પૂર્વ વિસ્તાર (૩ કિ.મી)

આંબેડકર બ્રીજની નીચે સાબરમતીના નદીના કિનારેથી ચંદ્રનગર ચાર રસ્તા અંજલી સર્કલ ધરણીધર થઈ શ્રેયસબ્રીજ નીચે થઈ રોડ તથા ફુટપાથ સિવાય પશ્ચિમ તરફનો વિસ્તાર.

(૨) ઉત્તર વિસ્તાર (૪ કિ.મી)

શ્રેયસબ્રીજ નીચેથી રેલ્વે હદ વિસ્તાર સિવાયનો જીવરાજ બ્રીજ નીચે સુધી દક્ષિણ તરફનો વિસ્તાર.

(૩) પશ્ચિમ વિસ્તાર (૪ કિ.મી)

જીવરાજ બ્રીજ નીચેથી ૧૩૨ ફૂટ રિંગરોડ થી સિમલા જંકશન થી વિશાલા સર્કલ થઈ શાસ્ત્રી બ્રીજ સહીત ફુટપાથ સહિતનો પૂર્વ તરફનો વિસ્તાર.

(૪) દક્ષિણ વિસ્તાર (૪ કિ.મી)

આંબેડકર બ્રીજ નીચે થઈ શાસ્ત્રી બ્રીજના દક્ષિણ છેડા સુધી રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશનની હદ સિવાયનો ઉત્તર તરફનો વિસ્તાર

વેજલપુર પોલીસ સ્ટેશનમાં નીચે જણાવેલ વિસ્તારનો સમાવેશ કરવામાં આવશે.

(૧) પૂર્વ વિસ્તાર (૪ કિ.મી)

જીવરાજ બ્રીજથી ૧૩૨ ફૂટ રીંગ રોડ સિમલા ટી જંકશન વિશાલા સર્કલ થઈ બરફની ફેક્ટરી ત્રણ રસ્તા સુધી રોડ ફુટપાથ સિવાયનો વિસ્તાર

(૨) ઉત્તર વિસ્તાર (૪ કિ.મી)

સાલપુરા ફાટકથી વસ્ત્રાપુર ક્રોસિંગથી જીવરાજ બ્રીજ સુધી રેલ્વેની હદ સિવાયનો દક્ષિણ તરફનો વિસ્તાર

(૩) પશ્ચિમ વિસ્તાર (૪ કિ.મી)

ક્લાસીક પાર્કથી ખુર્સીદપાર્ક થી જૈનાબ પાર્ક બકેરી સીટી સ્મશાન ગૃહથી અસ્માકમ ફ્લેટ થઈ સાલપુરા ફાટક થી પૂર્વ તરફનો તમામ વિસ્તાર

(૪) દક્ષિણ તરફનો વિસ્તાર (૨.૫ કિ.મી)

શાસ્ત્રીબ્રીજ થી બરફની ફેક્ટરીથી ડાબી બાજુ થઈ જુહાપુરા થઈ ક્લાસીક પાર્ક સુધીનો રોડ સહીતનો ઉત્તર તરફનો વિસ્તાર.

તારીખ: ૦૮/૦૪/૨૦૧૭

સ્થળ : અમદાવાદ

સિક્કો :

(એ. કે. સિંઘ )

પોલીસ કમિશ્નર,

અમદાવાદ શહેર.

પ્રતિ,

- તમામ પોલીસ સ્ટેશન / શાખાઓના પો.ઇ.શ્રીઓ (વધારાની ૧૦ નકલો સાથે)
  ૨/- જાહેરનામાની નકલો જાહેર જગ્યાએ ચોંટાડી તેની નોંધ એક નકલ પર કરવી અને તે નકલ ઓફીસ રેકર્ડમા રાખવી.
- તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ.
- મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક શાખા (વધારાની ૧૦ નકલો સાથે)
  ૨/- લાઉડ સ્પીકર સાથે બહોળો પ્રચાર કરવા સારૂ.
- જન સંપર્ક અધિકારીશ્રી.
  ૨/- પ્રેસનોટ બહાર પાડવા સારૂ.
- સીનીયર આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુટરશ્રી,
  ભદ્ર તથા મીરઝાપુર કોર્ટ, અમદાવાદ શહેર ( ૧૮ + ૧૮ નકલો સાથે)
- મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ, વડોદરા.
  ૨/- ગર્વમેન્ટ ગેઝેટ ભાગ-૪ માં એસ્ટેટ / ઓર્ડીનરી ગેઝેટમાં તાત્કાલીક પ્રસિધ્ધ કરી ગેઝેટની ૨૦૦ નકલો અત્રેની કચેરીને તાત્કાલીક મોકલવા સારૂ.
- પોલીસ કમિશ્નરશ્રીની કચેરી તથા મુખ્ય મથકની સઘળી શાખાઓ તરફ.